દલપત ચૌહાણ

૩૨



વાર્તાસૃષ્ટિ

વાસ તો ક્યારનોય ખળી-મજૂરી માટે ઊપડી ગયો હતો; ને હવે સવારનું અજવાળું ખોડાના ઘરમાં પ્રવેશ્યું. નળિયેથી ચળાઈને પ્રકાશની શેરો ઘરનાં માટીનાં ભીંતડાં પર ચાંદરણાં પાડતી હતી. ખોડો ખાટલામાં તકિયા પર માથું રાખી ચત્તો સૂતો હતો. એણે તકીયા પર માથું આમતેમ હલાવ્યું. આંખો ખોલી. એની નજરે ઘરનો મોભ કળાયો. એ મોભને એકીનજરે જોતો રહ્યો. મોભારે એની માના લગ્નનો મોળિયો બાંધેલો હતો. ઘણાં બધાં વર્ષોથી એ મોભ પર બંધાયેલો હોવાથી તે કાળા કામઠા જેવો લાગતો હતો. મોળિયાના બંને છેડે નાડાછડીના નુસણાં લટકતાં હતાં, એય કાળાં અને કોહેલાં. લટકતાં નુસણાં પર માંખોનો વાસ હતો, પરંતુ અજવાળું થવાને લીધે; માંખો આમતેમ ઊડીને નુસણાં પર બેસતી. એને ઊડતી માંખો પર ગુસ્સો આવ્યો. એ સૂતાં સૂતા બે હાથ વીંઝી માંખોને ભગાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો. માંખો પર કાંઈ અસર ન થતાં એણે હાથ હેઠા કર્યા. પાછો મોળિયા તરફ તાકી રહ્યો. એ શા માટે તાકી રહ્યો છે તેની તેને કાંઈ સમજ ન પડી. શા માટે મોળિયો લટકાવ્યો હશે ? એણે આંખો પટપટાવી, એકાએક એને કોઈક સ્ત્રીનો આકાર લટકતો દેખાયો. સ્ત્રીના હાથ લબડી પડ્યા છે. એના માથે મોળિયો છે. એ ગભરાઈ ગયો. આંખો બંધ કરી. બધું ગુમ. એને યાદ આવ્યું. 'તારી મા મોભારે ફાંહો ખઈને...' એ



પણ યાદ ન કરી શક્યો. એને શરીરે પરસેવો થયો. એકાએક એણે આંખો ખોલી. મોળિયો ધીમે ધીમે સંકોચાઈ રહ્યો હતો. નાનો થતો જતો હતો. એને રૂંધામણ થતી લાગી. ગાળિયો ધીમે ધીમે તેના ગળાને ભીંસમાં લઈ રહ્યો હતો. એ ખાટલામાં બેઠો થઈ ગયો.

'આઁ... આઁ... આઁ...' કરતો ગળાની ભીંસને બે હાથ વડે છોડાવવા પ્રયત્ન કરવા લાગ્યો. થોડીક હળવાશ લાગતાં ઝટકો મારી હાથ લઈ લીધા. હાથ વડે ખાટલાની ઈંસ પકડી આજુબાજુ જોયું. ત્યાં સંભળાયું,

'ખોડિયો ગાંડો... ખોડિયો...'

'ઉં....નૈ... ઉં....નૈ... ?' બોલતો ખાટલામાંથી ઊભો થઈ ગયો. લાંબાટૂંકા હાથ કરી બબડ્યો.

'ઉં બચી જ્યો... ઉં બચી જ્યો... હાચું કેસ લ્યા પૂજિયા નાહી જા. હાહનાં ટેંટા તને નૈ મેલે. હાહના માંની જા...' પછી ઘરમાં કોઈ બીજું છે કે તેની ખાત્રી કરવા નજર ફેરવવા માંડ્યો. ચૂલાની બેડ પાસે ઊભી મૂકેલી લાકડી ને સામે તૂટેલો ડામચિયો. એનો બબડાટ ચાલુ હતો.

'હાયમ્ હાય પૂજિયા હાંકળ તેં વાહેલી. મને ખબર છ. તું અતો...' એની નજર લાકડી ઉપર પડી. એ ગભરાઈ ગયો. જાણે કોઈ લાકડીઓ વડે એને ફટકારતું હોય એમ અમળાવા લાગ્યો. એને એના બાપનો ચહેરો યાદ આવ્યો. લોહીલુહાણ... તરફડતો... એના જેવું એ તરફડવા લાગ્યો.

'ઓ મારા બાપા રે...' કહીને ચીસ પાડવા ઇચ્છા થઈ પણ તે ખાટલામાં બેસી પડ્યો. એનો શ્વાસ ધમણની જેમ ચાલવા લાગ્યો. થોડીવારે બબડ્યો...

'ઊં બચી જ્યો ?'

એની નજર ભીંત પર પડી. ભીંત પર ચાંદરણાં પડતાં હતાં સરસ મજાના ગોળ – પ્રકાશમાન. એ ચમક્યો.

'આ ધોરી ધોરી છરીઓ ભેંતમ કોણે ખોસી છ.'

એણે ખાટલામાં નજર નાખી ગોદડાપર બે ત્રણ ચાંદરણાં પડતાં હતાં. એ ચાંદરણાંથી દૂર જવા માંડ્યો. થોડીવારે ડરતાં ડરતાં એણે ચાંદરણા તરફ હાથ લંબાવ્યો. ચાંદરણું હાથ પર આવ્યું.

'હત્તારીની આ તો ચાંદલી...' એણે હાથ આંખો તરફ લીધો. ચાંદરણું ખસી ગયું. ચાંદરણું ખસતાં જ એને પૂંજો યાદ આવ્યો.

'પૂંજ્યો ચ્યાં જ્યો ?'

એ ખાટલા પરથી ઊભો થઈ ઘરનું બારણું ઉઘાડી બહાર આવ્યો. વાસમાં

કોઈને ન જોતાં વાસના તોરણવાળા ઝાંપા તરફ વળ્યો. વાસના નાકે ઊભા રહી ઘડીકમાં વાસ તરફ, ઘડીકમાં ગામ તરફ તો ઘડીકમાં ખેતરો તરફ જોવા લાગ્યો. વાસના નાકેથી દૂર ખેતરવાટ હતી. એણે એક બારૈયાને ખેતર તરફ જતાં જોયો. ને ખેતર વાટે વાસ તરફ આવતા પૂંજોને જોયો. પૂંજોના હાથમાં લોટો હતો. એણે હડી કાઢી.

'દોડજે પૂજિયા ઉં હાચું કે છ, પેલું ટેટું તને વધેરી નાખસે. દોડજે...' બોલતો છેક પૂંજો પાસે પહોંચી ગયો. પૂંજો ચમક્યો.

'હું થયું છ ખોડા. પાછો લવારે ચઢ્યો. અંઈ કોઈ ભાય નહીં મારી નાખતો, લેં હેંડ વાહમાં.'

'ઉં એ જ કે છ પૂજિયા !'

ખોડાએ પૂંજોનો હાથ ઝાલીને વાસ તરફ ખેંચવા માંડ્યો. એની નજર ખેતર વાટે ચાલ્યા જતા બારૈયા ઉપર હતી.

'ઉં આવું છું 'લ્યા ખેંચ નઈ ભૂંડા.'

'પેલો હાહનો... ટેંટુ આથમાં તરવેર લઈને આવતો'તો !'

'ઉં હાચું કેછ. લેં હેડ વાહમાં.' એ પૂંજોને ખેંચતો રહ્યો.

*

આજે ખેતરની વાડ પાસે વાડે બેઠેલા ખોડાને નારસિંહે જોયો. એને જોતાં જ બૂમ પાડી.

'હાહના... ઢે... તારી બુન્ના... ધણી કાંઈ ભાંન છ કે નહીં. અંઈ તારા બાપના ખેતરને અભડાબ્બા બેઠો.'

ખેતરમાંથી માટીનું ઢેફું ઉપાડી ખોડા તરફ ફેંક્યું. પડ્યું સીધું સામે મૂકેલા લોટા ઉપર. લોટાનું પાણી ઢોળાઈ ગયું. ખોડો હડફ દઈને ઊભો થયો. એણે નારસિંહને ગાળો બોલતાં જોયો. એણે ઝડપથી એક હાથે લોટો લીધો; બીજા હાથે લેંઘો ઊંચો કરી બાંધતાં. વાસ ભણી નાઠો એને સંભળાયું -

'તારી બુન્ના ધણી... હાહના... બીજીવાર અંઈ જોયો તો આંબે તાંણી બાંધી લટકાયે, નેચે ધૂણી કરે...'

જેમ એણે સાંભળ્યું એમ એણે દોડવાની ઝડપ વધારી ને સીધો ઘરભેગો. ઘરનું બારણું અંદરથી બંધ કરી દીધું. એના મન ઉપર ફરી ફરીને એ જ શબ્દો અથડાતા હતા.

'તારી બુન્ના ધણી.... નેચે ધુણી કરે !'

એ પાણી લેવાનુંય ભૂલી ગયો. બીકનો માર્યો ધ્રૂજવા માંડ્યો. એની નજર



ઓબારે ગઈ, મોભિયો લટકતો હતો. માંખો ઊડતી હતી. એણે ખૂણામાં પડેલી લાકડી ઉપાડી જાણે માંખો નારસિંહ હોય તેમ એમની તરફ વીંઝવા માંડી. લાકડી ભીંતે, બારણે અથડાતી હતી. ઘરમાં થતાં અવાજથી પૂંજોની વહુ આંગણામાં આવી.

'ખોડભઈ... ઓ ખોડભઈ... ઘરમાં હું માંડ્યું છ. હવે જપો. બાર બાદૂરી બક્તા હો' તો આંય ભેંતડાં તોડો છો !'

ખોડો અટકી ગયો. એને શ્વાસ ચઢ્યો હતો. લાકડી એણે ખૂણામાં ફેંકી. બારણું ખોલ્યું, સામે પૂંજોની વહુ રામી ઊભી હતી. એ ખસિયાણો પડ્યો. એને યાદ આવ્યું કે લોટે જઈ પાણી પીધું નથી. એણે રામીને કહ્યું :

'ભાભી લોટો પાણી....'

*

રામી ખોડાને લોટો પાણી આપી પાછી વળી. એનું મન ઉપર તળે હતું. એને થયું આ ખોડભઈ એકના એક. મા બાપડી આબરૂની મારી ફાંહો ખાધો ને બાપને વાઢ વચ્ચે 'હીકાઈ મેલ્યો'. આ ભઈ ભેંતડાં તોડે છે. કરમની કઠણાઈ. ગામ જ ન-પાણીયું. કાટિયાવરણ કે વહવાયાનું જીવવું જ ધૂળ. 'લ્યો પેલો સરપંચનો છોકરો ધોળા દાડે જીવીના ઘરમાં પેઠો. ઓસરીમાં પડેલા જોડા ને બંધ થયેલું બારણું પૂંજાથી સહન ન થયું એટલે એણે સાંકળ મારી દીધી. અડધા કલાકે બારણું ખખડ્યું ને વાસ આખાને ગાળોથી ભરી દીધો.'

'હાહના ફૂણે હાંકોળ વાસી. આમ હામે આય ખબેર પાડી ધ્યું. તમારી માના ધણીઓ. મું દરબાર છું, ગમે એના ઘરમાં પેહું તમે રોકનાર ફૂણ.'

'વાહમાંથી કોઈએ ચબહ ન ફાડી.' બીજા દાડે એનો બાપ સરપંચ આખા વાસની મા બેન ખાતરી ગયો. કોઈ ના બોલ્યું. ખોડો એકલો ભેંતો જોડે માથા પછાડતો. ક્યારેક એનો પતિ પૂંજો બળાપો કાઢતો. જ્યાં વાસ આખો...

ખોડાના માબાપના મોત પછી પૂંજો અને રામી એની ખબર રાખતાં. વેળાકવેળા સાચવતાં. ઘેર જતાં રામીએ જીવીના ઘર સામે નજર નાખી. આંગણામાં કોઈકના જોડા હતા ને બારણું બંધ. રામીએ કપાળ કૂટ્યું. પેલા ઘર સામે જોઈ થૂંકી પછી ઘરમાં ચાલી ગઈ.

*

ક્યારેય બપોરનો બહાર ન જનાર ખોડો ખેતરવાટ બાજુથી દોડતો આવતો હતો. વાસના તોરણનાકે ક્ષણેક વાર રોકાયો પછી વાસમાં એક પડી ગયેલા ઘરબાજુ દોડ્યો. ને ઘાંટો પાડી બોલવા માંડ્યો.

'પૂજિયા ઉં હાચુ કે છ. ભૂંડા નાહી જા. શેરમઅ નાહી જા... પેલો ધારાળો

ધારિયું ખભે મેલી અબ્બીતાલ આયો હમજ... અબ્બીતાલ કટકા... સટ્ટ સટ્ટા સટ્ટ....'

એ પડી ગયેલા ઘરના ભીંતડાના પડછાયામાં સંતાવા પ્રયત્ન કરવા માંડ્યો. એના શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યા.

'હાહનો ટેટો.... કઢીચટ્ટો.... એની માનો... મોટી મોટી આંસ્યો ખભે ધારિયું આથમાં તરવેર !'

એકાએક એ સ્થિર થઈ ગયો. જાણે પોતાના હાથમાં તલવાર આવી ગઈ હોય, એક હાથની મુઠ્ઠીવાળી બીજો હાથ પીઠ પાછળ કરી, ખાલી હાથે તલવારના પટ્ટા ખેલવા માંડ્યો. ઉછળી ઉછળીને ઘા કરતો હોય એમ તૂટેલા ઘરમાં કૂદવા માંડ્યો. ત્યાં જ બાજુના ઘરનાં નેવાં પરથી બિલાડી કૂદી. ખખડાટ થયો. થોડો ચમકીને ઊભો રહી ગયો. એણે બિલાડીને જતાં જોઈ. બિલાડી સામે દાંતિયું કર્યું. પછી બોલવા માંડ્યો,

'એ આયો... ઉં હાચું કેછ પૂજિયા... નાહીં જા.' પછી પોક મૂકીને બેઠો...

'પેલાં મારો બાપ... પછી મા... ઉં આંસ્યો ફાડી નઅ જોતો તો. ઉં હું કરું... તું નાહી જા પૂજિયા તારો વારો હાચુ કેછ હોં...'

– ને જાણે એના પર લાઠીઓ પડતી હોય એમ હાથપગ ઉછાળી બચાવ કરવા લાગ્યો. ઘડીકમાં બેવડ વળતો. ઘડીકમાં સીધો સટ્ટ એમ કરતાં એ પગલું ચૂક્યો ને જમીન ઉપર ગબડી પડ્યો. જમીન પર પડતાં જ એણે બૂમો પાડવા માંડી,

'દોડજો રે... બચાવો... એ વધેરી નાસ્યો...

ખોડાની બૂમો સાંભળી વાસનાં છોકરાં, રામી તથા બીજા બે ત્રણ બૈરાં ત્યાં આવ્યા. ખોડો રામી સામે ડોળા ફાડીને જોઈ રહ્યો. એનું શરીર કામઠાની પણછ ખેંચાય એમ ખેંચાઈ સીધું થઈ ગયું. એના શ્વાસ ઝડપથી ચાલવા માંડ્યા. બીજી પળે એ બેભાન થઈ ગયો. રામીએ ખોડાની દશા જોઈ જીવીની સાત પેઢીનું સંભળાવવા માંડી. એ ખોડા પાસે બેઠી પણ એની જીભ ચાલુ હતી.

'રાંડ કભારજા એનું હાત ભવ નખ્ખોદ જાય, એનઅ ભડકા થતા હોય તો ઉંબાડું ઘાલઅ. આ બાપડા નઅ.'

'અલી સાંની રે મારી બૈ કોક હાંભળશે તો એના હણીજાને કી આવશે. પાસી રામેણ...'

બીજી સ્ત્રી રામીને સમજાવવા માંડી. ત્યાં તો -

'ચેઈ રાંડ સતી સીતા માતા છો !' કહેતી જીવી પ્રગટ થઈ. કોઈએ એના તરફ ધ્યાન ન આપતાં બધાં ખોડાને બેઠો કરવા ગડમથલ કરવા માંડ્યા. ખોડાનું શરીર અક્કડ થઈ ગયું હતું, તે સહેજ કમરેથી વળ્યું પછી જાતે જ ધીમે ધીમે બેઠો થયો.

'કુના આંગણામાં જોડા નહીં નેકરતાં. મનઅ બતાવો, બવ બાદુરી બકતા વો



તો તમારા ધણીયોને કઈ ઝટકાઈ મેલાવો તો હાચા. આવનારાને કાંઈ કેવાની બાદુરી છ !'

જીવીએ નીચે બેસી છેડો વાળ્યો.

'આ ગાંમ નપાણીયું મારા બાપ... ચીયા વેરીએ મનઅ આ ગામ નાસી... ઊંડા કૂવામાં ઉતારી...'

પછી ઝડપથી ઊભી થઈ છેડો કાઢી નાખ્યો.

'આ ગાંમનો હારો. પૂંજાનઅ નાહી જવાનું કે છ. ઈના કરતાં કોક બારીયાને વધેરી નાખ તો ! એને કુણ આગળ પાસળ છ. એવું કરતો હાગાઈ બાપનો, નકર ગાંડમ મુંઢું ઘાલીને પડ્યું રે... કોકને વધેરી નાખ... મા બાપ મર્યાં તોય કાંઈ ના વળ્યું અમઅ હુ ?' કહેતી જીવી સડસડાટ આવી હતી એવી રીતે પોતાના ઘેર વળી ગઈ.

ખોડાને જાણે એટલું સમજાયું, 'કોક બારિયાને વધેરી નાખ તો હાગાઈ બાપનો...' ને હડફ દઈને ઊભો થયો એની આંખો ચકળવકળ થવા માંડી. એ કાંઈપણ બોલ્યા વિના ઘર તરફ દોડ્યો. ઘરમાં જઈ બારણું બંધ કરી દીધું. ઘરમાં પડેલી લાકડીથી આજે ના ડર્યો. વારેવારે લાકડી, મોભિયો બારણું વગેરે તરફ જોવા લાગ્યો. એના શરીરે પરસેવો વળ્યો. બધું ગોળગોળ ફરવા માંડ્યું. એ માથું પકડીને બેસી ગયો.

*

સાંજ સુધી ઘરનું બારણું ના ખૂલ્યું. રાતનું ખાવાનું તાંસળામાં લઈ રામી આવી. એણે ખોડાના ઘરનું બારણું બેત્રણ વાર ખખડાવ્યું. કશો ઉત્તર ના મળ્યો.

'ખોડભઈ ! રોટલાનઅ કઢી મેલ્યાં છ. આ ગોખલામાં ખઈ લેજો. નકર જહો...' એટલું બોલી અટકી પણ મનમાં તો બોલી જ નાખ્યું. 'મારા ભાના ઢેંચણ મારી, હાહની આ પારકી પલિતી ચ્યાં હુદી હાચવવી. આવાં માણસ મરતાંય નથી.'

રામી થોડીવાર ઊભી રહી. ઘરમાં ખાટલો થોડોક ચરમરાયો. પણ ખાટલામાંથી કોઈ ઊઠીને બહાર ન આવ્યું. એટલે 'ગામના હારાને ખાવું હસે તો ખાસે' એમ બબડતી રામી ઘર તરફ ચાલી ગઈ.

રામી ગઈ પછી ઘડી બે ઘડી પછી બારણું ખૂલ્યું. અંધારામાં ખોડાએ લાકડી લઈ ખેતરો ભણી હડી કાઢી. એ ક્યારે આવ્યો. બારણું બંધ થયું તે અંધારાનેય ખબર પડી નહીં.

*

સવારનું અજવાળું થાય ન થાય ત્યાં તો ગામમાં ગોકીરો થયો. કોઈએ

સરપંચના ઉચાળા ખેતરની છાપરીમાં સૂતેલા હરિસિંહનો પગ ભાગી નાખ્યો. નસીબ સારું કે પહેલો ઘા પગ ઉપર પડ્યો એટલે હરિસિંહ જાગી ગયો નહીંતર એના સોએ વરસ પૂરા થઈ જાત. હરિસિંહે મારનારને અંધારામાં ઓળખી કાઢ્યો હતો. પેલો 'ખોડિયો ગાંડો'.

'મારાં બેટ્ટાં ઢે... ફાટ્યાં. જબરો કેવાય એકલો હરિસિંહ હારે બાઝ્યો. કેવી પડે જબરાઈ.'

'કોક દાડો તો મરદ થાયને ? ઈના ઘરમાં સરપંચે ચેવું કર્યું છ. ખબેર છ.'

'એ તો સરપંચ ભેલાણ કરે ! આ વહવયું કેવાય. તોય હારી બાદુરી કરી...'

'પછ...?'

ને આખો બારૈયાવાસ ઉમટ્યો. વાસ ભણી જેના હાથમાં જે હથિયાર આવ્યું તે. લાકડી, ધારિયા, દંડા, કેરોસીનનો ડબ્બો. વાસ વચ્ચે આવતાં જ સરપંચે રાડ નાખી.

'ચ્યાં જ્યો હાહનો ખોડિયો... એની માનો... એન કો બાર નેહરે નકર આખો વાહ હીકાઈ મેલે... એ ઢે... એ મારા દીકરાનો પગ ભાજી નાસ્યો. માથામાં ગજ ગાલ્યા છ. અમ બાર નેકર. ચ્યાં જ્યો પરબત ગાહલેટનું ડબલું લાય.'

બાજ પડેને પંખીઓ જેમ માળામાં છૂપાઈ જાય એમ ઘડીના છઠ્ઠા ભાગમાં વાસમાં સન્નાટો છવાઈ ગયો. જે કોઈ બહાર હતું. એય બધું પડતું પડતું મૂકી ઘરમાં બારણાંવાસી સંતાઈ ગયાં. પૂંજો, રામી પણ દોડીને ઘરમાં પૂરાઈ જઈ શું થાય છે એ બારણાની તિરાડમાંથી જોઈ રહ્યાં. એક જણ પૂંજાના ઘરબાજુ આવ્યો અને ઊભા કરેલા ખાટલા પર ધારિયાનો ઘા કર્યો. એને સરપંચનો અવાજ સંભળાયો.

'હાહના પૂજિયા ચ્યાં જ્યો ખોડિયો બતાય, નકેર તારું ઘર હિકાઈ મેલે.'

સરપંચ પૂંજાના આંગણામાં આવ્યો. વાસમાં કૂતરું ભસ્યું. કોઈકે લાકડીથી ફટકાર્યું. કૂતરું કુઉં... કુઉં... કરતું નાઠું. આખા વાસમાં ફરી સન્નાટો.

'અમ'લ્યા બાદુરો કોઈ હાંભરતું નહીં. તમારી મા... આજે તમારી ખેર નથી. એક જણો હાંકોળ વાહી જાય, બીજો પગ ભાજી જાય... એકવાર જવા દીધા...'

ત્યાં તો વાસના ઘરોની મોવટી, ખાટલા નળિયા ઉપર લાકડીઓ ધારિયાં ઝીંકાવા માંડ્યા. કોઈકના ઘરના બારણે લાકડીઓ ઝીંકાઈ. કોઈએ ચબહ ન ફાડી. પૂંજાને થયું પોતે બહાર નીકળે. પણ એને ખોડાના બાપના હાલહવાલ જોયા હતા. એય મરદ હતો. કેટલી લાકડીઓ ઝીલેલી. એણે બારણાની તિરાડમાંથી નાવાના ઓટલા ઉપર નજર નાખી. એને ખોડાનો બાપ તરફડતો દેખાયો. એને પોતાની જાત ઉપર ધિક્કાર છૂટ્યો. ખોડાની થોડી હિમત બદલ માન ઉપજ્યું. એના રૂંવા રૂંવા ઊભા થઈ ગયાં. એ બહાર જવા ઘરમાં ધારિયું શોધવા માંડ્યો. જેવું ધારિયું મળ્યું તેવો જ



બારણા તરફ વળ્યો. કોઈક બારણા ઉપર ધારિયાના ઘા કરતું હતું. રામી પૂંજાને ઘરમાં પાછો ખેંચવા માંડી. ત્યાં સંભળાયું :

'લ્યા પેલા ઘરમાં ખોડિયો રે છ.'

બધું ટોળું ખોડાના ઘર બાજુ વળી ગયું. પૂંજાએ ઘર ખોલવાને બદલે બારણાની તિરાડમાંથી એ બહાર જોઈ રહ્યો. ધારિયા પર એની પકડ મજબૂત થતી જતી હતી.

'એય ઘર નહીં હીકાવવું ખોડિયાને બાર કાઢી હિકાવો.'

ખોડાના ઘરના બારણા ઉપર ધડાધડા લાકડી ધારિયાં વીંઝાયા. બારણું તૂટ્યું.

'ઊભો 'રો 'લ્યા હાહનાને નાગો કરી આંય લાવો. વાહ વચ્ચોવચ હિકાવો.'

સરપંચ ગુસ્સામાં બોલતા બોલતા ઘર તરફ દોડ્યા ને આદત મુજબ જોડા આંગણામાં કાઢી તૂટેલું બારણું કૂદી, ઘરમાં ઊભેલા ખાટલા તરફ ધસ્યા. વળતી સરપંચે રાડ પાડી —

'હાહના ખોડિયે દગો કર્યો...' સરપંચના કપાળે કંઈક સખત અથડાયું. કપાળે સખત બળતરા થઈ. માથેથી ફાળિયું ગબડી પડ્યું. એનો હાથ અચાનક કપાળ પર ફરે એ પહેલાં બીજી વાર કંઈક અથડાયું. એણે અથડાતી વસ્તુને ઝડપથી પકડી લીધી. અને ઝડપથી ફંફોસવા મંડ્યા.

'આ તો પગનો પંજો...'

સરપંચની રાડ સાંભળી બીજા કેટલાય જણા અંદર દોડી આવ્યા. ત્યાં સુધી સરપંચ સ્વસ્થ થઈ ઉપર મોભ સામે જોઈ રહ્યો હતો. કોઈ મોભારે મોળિયાની બાજુમાં ફાંસો ખાઈ લટકી ગયું હતું. એના પગ સરપંચના હાથમાં હતાં. મોળિયાના નુસણા પાસે માંખો ઊડતી હતી. માંખો ઘડીકમાં નુસણા ઉપર તો ઘડીકમાં ખોડાની આંખોની બખોલમાંથી બહાર નીકળી આવેલા ડોળા ઉપર આવીને બેસતી. અજવાળું ચળાઈને ઘરમાં આવતું હતું. અને ખોડાના લટકી પડેલા હાથની હથેળી પર એક ચાંદલી પડતી હતી.

□